

October 2023 | Issue No. 47 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.




### રાષ્ટ્રીય સ્તરે પ્રભાત ઝળક્યું. :

પ્રભાત દ્વારા કરવામાં આવતા પ્રયાસોને જયારે બહારની દુનિયામાં એક અવાજ મળે ત્યારે ચોક્કસ કાર્ય કરવાનો ઉત્સાહ બેવડાઈ જાય છે. અને એવું જ બન્યું જયારે ND TV નેશનલ ન્યુઝ ચેનલે પ્રભાતના કામની નોંધ લેવામાં આવ્યું. અને તેના કામ ને દેશ સ્તરે દર્શાવવામાં આવ્યું. આ માટે પ્રભાત તેની સાથે જોડાયેલ દરેકનો આભાર માને છે. કારણ કે દરેકના સાથ થી જ આ શક્ય બન્યું છે.

## ક્રિષ્નાના કિસ્સામાં સાબિત કરી બતાવ્યું કે,

## સમાન અવસર અને યોગ્ય દિશામાં પ્રયાસો .... બદલાવ લાવી શકે છે..

જો સમાન અવસર મળે અને યોગ્ય તાલીમ મળે તો ચોક્કસ અપેક્ષિત પરિણામ મળવાની સંભાવનાઓ વધી જાય છે એવું લાગે જયારે આપણે કાંકરિયા શાળા નંબર – 8 માં ક્રિષ્નાને વર્ગમાં દરેકની સાથે અભ્યાસ કરતા જોઈએ.

વાત કરી રહ્યા છીએ. ક્રિષ્નાની. તેના જન્મ બાદ, તેના મમ્મીનું અવસાન થયું હતું અને તેના પિતા એ જ તેનો ઉછેર કરવા લાગ્યા. સમય જતા ખ્યાલ આવ્યો કે, તેનો સામાન્ય બાળકની જેમ વિકાસ નથી થઇ રહ્યો. તે બૌધિક અક્ષમતા ધરાવે છે. પોતાના બાળકને સંપૂર્ણ રીતે સ્વીકારીને તેને પોતાની ક્ષમતા મુજબ બનતું સારી રીતે ઉછેર કરવા લાગ્યા. પોતે મજુરી કામ કરીને પણ દરેક રીતે તેને સારું વાતાવરણ મળી રહે તે તેમણે ખાસ જોયું. સમય જતા તેને ખાનગી શાળામાં એડમીશન કરાવ્યું. અહી શાળાનું વાતાવરણ હુંફ અને આત્મીય હતું પરંતુ જે રીતે ક્રિષ્નાની તાલીમ થવી જોઈએ.

સ્પેશીયલ એજ્યુકેટર દ્વારા જે તેને શિક્ષણ યોગ્ય રીતે મળવું જોઈએ તેનો અભાવ હતો. શાળામાં એ પ્રકારના શિક્ષકની વ્યવસ્થા ન હતી. તેથી જે રીતે ક્રિષ્નાનો શૈક્ષણિક વિકાસ થવો જોઈએ તે નતો થઇ રહ્યો. આ સમય દરમ્યાન પ્રભાત સંસ્થાના કિરણ ભાઇ દ્વારા શાળાની મુલાકાત લેવામાં આવી. અને પ્રભાત વિષે માહિતી આપી. જેમાં કોઈ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળક હોય તો તેને પ્રભાત દ્વારા થઇ રહેલા વિવિધ સેવા લેવાની વાત કરવામાં આવી.

પ્રિન્સીપાલ દ્વારા ક્રિષ્નાની વાત કરવામાં આવી. અને તેને મળીને કાંકરિયા શાળા નંબર -8 માં Right to education દ્વારા શાળામાં એડમીશન કરાવી શકાય તે દિશામાં પ્રયાસો થયા. તેના પિતા સાથે વાત કરવામાં આવી. તથા શાળા સાથે પણ જરૂરી દરેક પ્રક્રિયા કરીને તેનું એડમીશન કરાવવામાં આવ્યું.

ક્રિષ્ના સ્પીચનો પ્રોબ્લેમ હતો સાથે તેને ચાલવામાં પણ મુશ્કેલી હતી. તેથી તેના સ્તરને જોઇ, તેનું સ્પીચ, શૈક્ષણિક અને ફીઝીયો ની રીતે એસેસમેન્ટ કરવામાં આવ્યું. અને તેના માટે ગોલ સેટ કરવામાં આવ્યા. તે મુજબ તેની સાથે પ્રવૃતિઓ કરાવવામાં આવી.

તે બીજા બાળકો સાથે જલ્દીથી હળતી ભળતી ન હતી તે શિક્ષકની વાત સાંભળતી હતી એ પ્રમાણે શાંતિથી બેસીને કાર્ય કરવા પ્રયત્ન કરતી હતી તેનામાં સોશિયલાઈઝેશન ઓછું હતું તે જ્યારે રેગ્યુલર રિસોર્સ સેન્ટરમાં અને શિક્ષક દ્વારા જ્યારે તેના સ્પેશિયલ એજ્યુકેશન આપવામાં આવતું ત્યારે વર્બલ પ્રોમ્પ્ટિંગ અને ફિઝિકલ પ્રોમટિંગ દ્વારા કાર્યની શરૂઆત કરી

તેને એકેડેમિક વર્ક, સ્પીચ માં નંબર નોલેજ પિક્ચર રીડિંગ એક્ટિવિટી કોપી રાઇટીંગ, મેચિંગ, શોટિંગ ,કોમ્યુનિકેશન અંક જ્ઞાન ફ્લેશ કાર્ડ, ડ્રોઇંગ ડોમેસ્ટિક વર્ક, સ્ટોરી ટેલિંગ ફ્રી, પ્લે ગેમ્સ ,સ્પીચ થેરાપી ,સેન્સરી થેરાપી ફિઝીયોથેરાપી વગેરે મળતા ધીમે ધીમે તેનો પ્રોગ્રેસ થવા લાગ્યો.

ક્રિષ્ના પહેલા ખૂબ જ ધીમેથી બે શબ્દો બોલતી હતી હવે તે થોડા નાના નાના વાક્યો બોલતા શીખી છે તેની અવાજની બોલવાની તીવ્રતામાં પણ થોડો વધારો થયો છે તે પહેલા કરતાં મોટેથી બોલતા થઈ છે અને શિક્ષકના સૂચનોને અનુસરીને કાર્ય કરતા થઇ છે ફિઝિયોથેરાપી મળતા તે પહેલા કરતા હવે વધુ સારી રીતે ચાલી શકે છે. રિસોર્સ સેન્ટરના બીજા બાળકોને ક્યાંક લઇ જવા હોય કે, લાંચ ટાઇમમાં તેમને મદદ પણ કરે છે. તે શાળામાં શીખે છે સાથે તેના પિતા પણ તેને ઘરે ધ્યાન આપે છે.

આમ તો બિલકુલ ન બોલવા જેવું તે બોલે, કોઈની સાથે તે ભળતી ન હતી, તેથી જ તેને સોશિયલ કરવા માટે ખુબ પ્રયાસો કરવા પડ્યા. તેના તરફથી શરૂઆતમાં કોઈ રિસ્પોન્સ ન મળતો પણ આમ છતાય પ્રભાતની ટીમ દ્વારા અસરકારક પ્રયાસો સતત કરવામાં આવતા રહ્યા હતા. તેથી ચોક્કસ અમુક મુશ્કેલીઓ આવે પરંતુ જો બાળક માટે થતા પ્રયાસો યોગ્ય રીતે થતા હોય તો તેનું અપેક્ષિત પરિણામ મેળવી શકાય છે જે આપણને ક્રિષ્નામાં દેખાય છે.

8 જ મહિનામાં ક્રિષ્નામાં આવેલ બદલાવે તેના પિતાને વધારે આશાવાદી બનાવી દીધા છે. તે હવે ઇચ્છે છે કે ક્રિષ્ના અભ્યાસ કરે અને તેને કોઈ વોકેશનલ માં ટ્રેનીંગ આપવામાં આવે જેથી તે સ્વનિર્ભર બની શકે. આ ઇચ્છા તેમની પૂર્ણ થાય એવી શુભેચ્છા સાથે.







# મંથલી અપડેટ

**વોકેશનલ યુનિટ એટલે પ્રભાત તરફથી સ્વનિર્ભરતા માટેના પ્રયાસો :**

**વ્યવસાયિક માર્ગદર્શન શિબિર** સ્વમાનભેર જીવન જીવવું અને તેના માટે યોગ્ય અવસર શોધવા તે દિશામાં પ્રભાત હમેશા વિચારતું જ હોય છે. જેના ભાગરૂપે The National Career Service Center for Differently Abled (VRC) Ahmedabad અને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે રોજગાર/સ્વરોજગાર અને ઔધોગિક તાલીમ માહિતી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામ આવ્યું. 65 જેટલા વિશિષ્ટ જરુરીયતા ધરાવતા વ્યક્તિઓના ફોર્મ ભરવામાં આવ્યા હતા. તેમની ક્ષમતાને ચકાસીને વર્ગીકરણ કરવામાં આવશે. જેમાં સ્વતંત્ર કાર્ય કરી શકે, નોકરી કરી શકે અને ગૃહ ઉધોગ કરી શકે એ રીતે વ્યક્તિઓને ઔધોગિક તાલીમ અને કીટનું વિતરણ કરવામાં આવશે.

**વોકેશનલ યુનિટ:** વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ મુખ્યધારામાં અર્થોપાર્જન માટે જોડાય તેમનો સ્વમાનભેર સ્વીકાર થાય તે માટે વિવિધ ઉધોગો સાથે સંકલન કરવામાં આવે છે. જેના ભાગરૂપે વટવાના મોટા અને નાના ઉધોગો કે જે ખાસ સિલાઇના ટ્રેડ સાથે સંકળાયેલ છે તેમની મુલાકાત કરવામાં આવી હતી. જેમાં 15 જેટલા નાના મોટા ઉધોગો તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. જેને લઈને આગળ આયોજન કરવામાં આવશે.

## નેટવર્કિંગ :

**દસ્તાવેજીકરણ ફિલ્મનું સ્ક્રીનિંગ** :Miami University અને Anant National University સાથે રહી ફેલોશીપના વિધાર્થીઓ દ્વારા 'ચાહત કી ઉડાન'ની દસ્તાવેજીકરણ ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેનું સ્ક્રીનિંગ અનંત યુનિવર્સીટી માં કરવામાં આવ્યું હતું. જેમાં પ્રભાત ટીમ અને જે બાળક પર આધારિત ફિલ્મ છે એના પરિવારના સભ્યોએ ભાગ લીધો હતો. જે દરમ્યાન યુનિવર્સીટી દ્વારા વિકલાંગતા અને તેની સંવેદનશીલતાને લઈને તેના વિવિધ અભ્યાસક્રમોમાં તેનું સમાવિષ્ટ કરવાનું નક્કી કર્યું છે. જેને લઈને પ્રભાત સાથે રહી આગળ આયોજન કરવામાં આવશે.

**NID વિધાર્થીઓ સાથે ઇન્ટર્નશિપ કાર્યક્રમ :** વિધાર્થીઓ દ્વારા સપ્ટેમ્બર માસમાં મુલાકાત બાદ, પ્રભાતની ઊંડાણમાં સમજ મેળવ્યા બાદ, તેમના દ્વારા પ્રભાતની સમજ અને વિઝીબીલીટી અસરકારક બને , શાળા સાથે કાર્યક્રમ તથા અન્ય રચનાત્મક પ્રવૃત્તિ માટે નવા વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.

**દાન ઉત્સવ :** રીવર સાઇડ શાળા જેની સાથે ' બડી ઈન્ટરેકશન ' અન્વયે વિવિધ પ્રવૃતિઓ થતી હોય છે. સમયાંતરે એ શાળાના બાળકો પ્રભાત ની મુલાકાતે આવતા હોય છે. આ વખતે પ્રભાતના બાળકોને રીવર સાઈડ જવાનો અને ' દાન ઉત્સવ' માં ભાગ લેવાનો અવસર હતો. દર ઓક્ટોબર માં યોજનારા આ કાર્યક્રમમાં પ્રભાત ના બાળકો ને રીવર સાઈડ ના બાળકો સાથે રહીને દિવડાઓને કલરથી કલાત્મક બનાવ્યા. આ પ્રક્રિયાથી તેઓ વધુ એકબીજા ની નજીક આવ્યા અને સાથે ખુબ આનંદ અને ખુશી મેળવી.

**પ્રશિક્ષણ :** સતત નવું શીખતા રહેવું અને પોતાના કાર્યમાં વધારે કુશળ બનતા રહેવું એમ પ્રભાત માને છે. અને તેથી જ સમાયંતરે ટીમ માટે ક્ષમતાવર્ધન ને લઈને કાર્યક્રમ થતા હોય છે. ઉમ્મીદ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સેન્ટર – મુંબઇ માં ટીમના બે સભ્યોએ જન્મથી ૩ વર્ષના સુધીના બાળકોમાં જોવા મળતા વિકાસના તબક્કા અને વિકાસની જરૂરિયાત જેવા વિષયો પર તાલીમ મેળવી હતી

**સ્ટ્રીટ સ્માર્ટ:** કાંકરિયા શાળા નંબર – 8 માં પ્રભાત અને એપ્રોચના સંયુક્ત ઉપક્રમે સ્માર્ટ સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 1 થી 8 ધોરણના વિધાર્થીઓ અને શાળાની અંદર પ્રભાત સંચાલિત રિસોર્સ સેન્ટરના સ્પેશીયલ નીડના બાળકો મળીને ૨૫૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. ઝુમ્બા . ડાન્સ અલગ અલગ પ્રવૃતિઓ કરવામાં આવી બાળકો સાથે જેવી કે ફૂલ રેકેટ,ક્રિકેટ ,સાપસીડી ,બાસ્કેટ બોલ, અને બીજી મગજને કસરત થાય એવી રમતો પણ રમાડવામાં આવી હતી. દરેક બાળક ખાસ છે અને સાથે તેઓ એક સમાન છે એવા મૂલ્યોનું ઘડતર એમનામાં વિકસિત થાય અને સમાજમાં સ્પેશીયલ નીડ ધરાવતા બાળક / વ્યક્તિ સાથે સંવેદનશીલ બની તેમને સ્વીકારી શકે તે ઉદેશ્ય માટે જ આ પ્રકારના પ્રયાસો પ્રભાત કરતુ હોય છે.

**વાલી સાથે ADL સંબંધિત તાલીમ :** વાલી પોતાના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકને વધારે સારી રીતે ઉછેર કરી શકે અને તેમાં પડતી મુશ્કેલીઓનો વ્યવહારિક ઉકેલ પ્રભાત તરફથી મળે તે હમેશા પ્રયાસ રહે છે. એ જ ઉદેશ્યને ધ્યાનમાં રાખીને જયારે બેરલ માર્કેટમાં નવા બાળકોના વાલી માટે Activity of daily living ના ભાગરૂપે નાના બાળકોને કઈ રીતે બ્રશ કરાવવું. સાથે મોટા બાળકો પોતાની રીતે કઈ રીતે બ્રશ કરી શકે તે માટે પ્રેક્ટીકલ ટ્રેનીંગ આપવામાં આવી હતી. જે ટીમની સાથે જે બાળકો સ્વતંત્ર રીતે બ્રશ કરી શકે છે. તેમણે ડેમો આપેલ હતું. વાલી અને બાળક બંને માટે આ ખુબ ઉપયોગી તાલીમ રહી હતી. બાળકોએ આનંદ સાથે આ પ્રવૃત્તિ રહી હતી.

**હોમ વિઝીટ :** સમયાંતરે સેન્ટર પર આવતા બાળકોની પ્રગતિ ચકાસવા અને આગળના તેના વ્યક્તિગત વિકાસના ગોલને સેટ કરવા માટે હોમ વિઝીટ કરવામાં આવે છે.

હાફીયાના ઘરે વિઝીટ કરતા, ટીમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું કે, જે રીતે સેન્ટર પર તે વિવિધ જગ્યાથી પરિચિત છે તે રીતે પોતાના ઘરે તે જગ્યાને ઓળખવમાં મુશ્કેલી અનુભવી રહી છે. તેથી આવનાર ગોલ માં તેના માટે ઘરે તેમના વાલી ને કયા પ્રકારના ટાસ્ક આપવા તે નક્કી કરવામાં આવ્યું.

અલીના : શૈક્ષણિક સ્તરમાં પ્રગતિ સારી છે અને હવે તેને પ્રી વોકેશનલ માં એનરોલ કરવામાં આવી છે. તેને વિવિધ ટ્રેડ ને લઈને તેની ક્ષમતા અને પસંદગી નક્કી કરવાની પ્રક્રિયા થઇ રહી છે. તેથી જ તેના ઘરે મુલાકાત કરીને તેના વિષે વધારે માહિતી લેવામાં આવી હતી. જેમાં તેને ઘરના કામ આવડતા હોવા છતાં પણ તેને એમાં રસ નથી. તથા ઘરમાં તેનું અન્ય રીતે વિકાસ સારો થઇ રહ્યો છે. આ સાથે તેના ઘર બદલ્યું હતું તો તે નવું ઘર અને ત્યાનું આસપાસનું વાતાવરણ ની પણ ટીમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**દિવાળીને કલાત્મક આવકાર :** દર વર્ષની જેમ પ્રભાતના બાળકો, વાલીઓ, શાળાના શિક્ષકો - વિધાથીઓ અને પ્રભાત ટીમ દ્વારા હોંશભેર દિવાળી માટે દિવડાઓને સુંદર કલાત્મક બનવવામાં આવેલ હતા.

દિવાળીને જાણે એક મહિના પહેલાથી જ ઉજવવાની તૈયારી થઇ જતી હોય છે. સેન્ટર પર બાળકોના વાલી કોઈ દિવડા પર કલર કરી સુંદર ભાંત બનાવતા નજરે ચડે તો કોઈ વાલી સિલાઈ મશીન પર દિવડા ની પોટલી ને સીવતા. દરેક જાણે એક પરિવાર હોય એવું જ જણાય.

**સરકારી સહાયક સેવાઓ :**

સિવિલ સર્ટીફીકેટ :05 ,રેલ્વે પાસ : ઓફલાઈન : 07
અને ઓનલાઈન : 05 ફોર્મ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ પાસ :
ઓનલાઈન : 08 ફોર્મ ,પેન્શન યોજના : ૦૩ ફોર્મ

# ફોટો ગેલેરી


દસ્તાવેજીકરણ ફિલ્મનું સ્ક્રીનિંગ


વ્યવસાયિક માર્ગદર્શન

safe city અન્વયે બેઠક



વાલી ને બ્રશિંગ માટેની તાલીમ




02 ગુજરાત સમાચાર

SCHOOL CORNER

કાંકરિયાની શાળામાં સ્માર્ટ સ્ટ્રીટ યોજાઈ

કાંકરિયાની શાળા નં.૮માં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને એપ્રોચના સંયુક્ત ઉપક્રમે સ્માર્ટ સ્ટ્રીટનું આયોજન કરાયું હતું. ઝુમ્બા અને ડાન્સની સાથે વિવિધ રમતો બાળકોને રમાડવામાં આવી હતી. શાળાના ધો.૧થી ૮ના બાળકોની સાથે પ્રભાત સંચાલિત રિસોર્સ સેન્ટરના બાળકોએ પણ તેમાં ભાગ લીધો હતો.

હોમ વિઝીટ



આલીશાન સ્કુલની વિદ્યાર્થીનીઓ દિવડાને સુશોભિત કરતી






NID ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેઝન્ટેશન

**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION